યોમાસામાં અહીં સુંદર લીલુંછમ ઘાસ તથા અનેકરંગી ફૂલછોડ ઊગી નીકળે છે

મહાભારતનું મનોરૂપ
ભાણદેવ

સામે ત્વરિત ઉત્તર મળ્યો "હરિ ઓમ." તાપસે જ પૂછી લીધું, "ક્યાં ચાલ્યા?"

"બાબાજી પાસે.'"

"ગુફામાં રહે છે, તે સાધુમહારાજ પાસે?''

"હા, ત્યાં જ."

"અમે રાત્રે ત્યાં જ હતા."

"ભાગ્યવાન !''

તેમની પીઠ પર કાંઈક વજન મૂકેલું છે. અમે જોયું. તેમણે જ વિના પૂછ્યે જ તેમણે ચાલુ રાખ્યું.

"બાબાજી મૂળ કેરાલાના છે. અહીં 25 વર્ષથી રહે છે. સાચા સંત છે. પહેલાં મારા પિતા જ તેમની સેવા કરતા અને હવે મને આ કામ તેમણે જ સોંપ્યું છે. અચ્છા, હરિ ઓમ" કહીને તેમણે સમાપન કર્યું અને પગ ઉપાડ્યા. તાપસે પૂછી લીધું, "અમારે રુદ્રનાથ જવું. તે માટે આ પગદંડી બરાબર છે?''

"બરાબર જ છે. સામે ઊંચી અને વિશાળ ધાર દેખાય છે, તે પિતરધાર છે. તેની જમણી બાજુએ જે પગદંડી જાય છે તે જ પગદંડી તમને રુદ્રનાથ સુધી પહોંચાડશે."

અમે 'હરિ ઓમ' કહીને અમારે રસ્તે આગળ ચાલ્યા અને 'હરિ ઓમ' કહીને તેઓ પણ તેમને રસ્તે આગળ ચાલ્યા.

હવે ચડાઈનો રસ્તો છે. ચડાઈને રસ્તે જ ચાલવામાં ખરી મજા છે. સહેલો રસ્તો તો નમાલા માણસો જ પસંદ કરે છે. વીરોને તો ચડાઈનો રસ્તો જ ગમે છે.

અમે એક નાના પહાડની ટોચ પર પહોંચ્યા. હવે અહીંથી પિતરધાર સામે જ દેખાય છે. સાવ નજીક લાગે છે પરંતુ વસ્તુતઃ સાવ નજીક નથી. ઊંચા પહાડો સાવ નજીક લાગે તો પણ ઘણા દૂર હોય તેમ બની શકે!

આ પહાડની ટોચ પર વૃક્ષો નથી. બહુ ઘાસ પણ નથી. બોડિયો પહાડ છે. બપોરનો સમય થયો છે. અમને ભૂખ પણ લાગી છે. સાથે કાંઈક ભોજનસામગ્રી પણ છે જ પરંતુ અહીં નજીકમાં ક્યાંય પાણી જણાતું નથી અને પાણીની જોગવાઈ કર્યા વિના ભોજન કરવા બેસી શકાય નહિ.

તાપસભાઈએ પાણીની શોધ શરૂ કરી. તાપસભાઈની બૂમ સંભળાઈ "અહીં આવો. અહીં પાણી છે." અમે લગભગ દોડ્યા. એક સાવ નાની જલધારા પથ્થર તોડીને વહી રહી છે. બાજુમાં એક કુદરતી કુંડ બની ગયો છે. આ જલધારાનું જળ તેમાં એકત્રિત થઈ રહ્યું છે અને તેમાંથી પણ છલકાઈને નીચાણવાળા ભાગ તરફ વહી રહ્યું છે.

જળ! જળ જીવન છે! જળ જોઈને મન પ્રસન્ન થઈ ગયું. વેદમાં 'આપ' અર્થાત્ પાણીને એક દેવતા ગણેલ છે, તે હવે સમજાય છે.

નાનકડા જળકુંડને કિનારે બેસીને ભોજન થયું. જળકુંડમાં પગ મૂકીને કિનારે બેઠા. મજા પડી ગઈ. થાક ઊતરી ગયો.

> **હિમાલયમાં અમુક ઊંચાઈથી ઉપર વૃક્ષો થતાં નથી, માત્ર ઘાસ અને નાના છોડવાઓ થાય છે. આ છોડવાઓમાં ઘણી ઔષધિ કે જડીબુટ્ટી પણ હોય છે. અમે જે પહાડ પરથી ચાલીએ છીએ તે પહાડ લીલાંછમ ઘાસ અને નાના-નાના ફૂલછોડથી છવાયેલો છે**

અહીંથી ક્યાંય જવાની ઈચ્છા થતી નથી પણ તાપસભાઈ ઉતાવળ કરે છે.

"સ્વામીજી! આજે સાંજ પહેલાં આપણે રૂદ્રનાથ પહોંચી જવું જોઈએ. રસ્તામાં અન્ય કોઈ વિશ્રામસ્થાન નથી."

અમે ઝડપથી ચાલતા થયા અને બસ ચાલતા જ રહ્યા.

હવે જંગલ પાંખું પડવા માંડ્યું છે. હિમાલયમાં અમુક ઊંચાઈથી ઉપર વૃક્ષો થતાં નથી. માત્ર ઘાસ અને નાના છોડવાઓ થાય છે. આ છોડવાઓમાં ઘણી ઔષધિ કે જડીબુટ્ટી પણ હોય છે. અમે જે પહાડ પરથી ચાલીએ છીએ તે પહાડ લીલાંછમ ઘાસ અને નાના-નાના ફૂલછોડથી છવાયેલો છે. અનેક રંગ અને આકારનાં ફૂલોથી આખો પહાડ ઊભરાઈ ગયો છે. આ વિસ્તારને પહાડી ભાષામાં 'ભુગ્યાલ' કહે છે. આ વિસ્તારમાં શિયાળામાં બરફ જામી જાય છે અને ઉનાળા-ચોમાસામાં અહીં સુંદર લીલુંછમ ઘાસ તથા અનેકરંગી ફૂલછોડ ઊગી નીકળે છે. ઔષધિઓ-જડીબુટ્ટીઓ પણ હોય છે.

પગદંડીની બંને બાજુ દૂર સુધી અને પહાડની ટોચ સુધી લીલુંછમ ઘાસ અને રંગબેરંગી પુષ્પોની ચાદર દેખાય છે. ચઢાણનો રસ્તો છે અને હમણાં પહોંચી જઈશું એમ માનીને અમે ઝડપભેર ચાલીએ છીએ. સવારે અને બપોરે સાવ સ્વચ્છ હતું તે આકાશ હવે અચાનક અને ઝડપથી વાદળાંથી ઘેરાઈ ગયું છે. હવે લાગે છે કે વરસાદ ગમે ત્યારે તૂટી પડશે. રુદ્રનાથ કેટલું દૂર હશે? નક્કી કરવું મુશ્કેલ છે.

શરીરને થાક લાગ્યો છે. ભૂખ પણ લાગી છે પરંતુ હવે અમારા ચાલવામાં એવો વેગ આવ્યો છે કે થાક અને ભૂખ બાજુમાં રહી ગયાં છે. અમે સડસડાટ ચાલીએ છીએ. જંગલથી ઘેરાયેલા રસ્તા કરતાં આવા લીલાંછમ ઘાસની વચ્ચેથી પસાર થતાં રસ્તે ચાલવામાં ઘણી અનુકૂળતા રહે છે. મનમાં એવી ગણતરી છે કે એક વાર આ પિતરધારની પાસે પહોંચી જઈએ પછી થાક અને ભૂખને સંભાળી લેશું પણ પિતરધાર સુધી પહોંચવું ધાર્યા કરતાં ઘણું કઠીન નીકળ્યું. (ક્રમશઃ)

પર્વાધિરાજ દીપોત્સવ અને વીર વિક્રમ સંવતનું નૂતન વર્ષ

સંસ્કૃતિ દર્શન
સનત દવે

હિન્દુ સમાજનું સૌથી મોટું દિપોત્સવ પર્વ આજે અગિયારસથી પ્રારંભ થઇ ચુક્યુ છે. વાઘ બારસ, ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી પછી એક પડતર દિવસ આવે છે ત્યારબાદ બેસતુ વર્ષ, ભાઈબીજ સુધી સતત તહેવારોની શ્રૃંખલા એટલે દેશનો સૌથી મોટો મહોત્સવ અનેક ખુશીઓ સાથે પ્રારંભ થઇ ગયો છે. બાળકો યુવાઓ, પ્રોઢો સહિત સૌને સ્પર્શતો અને આનંદિત કરનાર દિપોત્સવ સનાતની ધાર્મિક પરંપરાઓ સાથે હજારો વર્ષથી ઉજવાતો રહ્યો છે. ઘરને, ઓફિસને, દુકાનોને સુશોભિત કરવી, નવા વસ્ત્રો ધારણ કરવા, મીઠાઇ અને ફટાકડાઓ, લાઇટીંગની રોશની, દીવાઓ પ્રગટાવવા અને રંગોળીઓ થકી આંગણા સજાવવા જેવા અનેક સુખદ પરિબળો સાથે દિપોત્સવના પર્વ પછી નૂતન વર્ષનો પ્રારંભ થાય છે. વિક્રમ સંવત અનુસાર ગુજરાતમાં કારતક સુદ એકમથી નવું વર્ષ પ્રારંભાય છે. સંવત પ્રમાણે શક સંવત અનુસાર કેટલાક રાજયોમાં ચૈત્ર વદ એકમથી પ્રારંભાય છે પણ દિપોત્સવ આખા દેશમાં ઉજવાતું મહાપર્વ છે. વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓમાં સનાતન સંસ્કૃતિ અગ્રક્રમે અને સમ્માનીય સ્થાને છે. આપણી પૌરાણિક સંસ્કૃતિમાં ભારતીય ઋષિમૂનિઓ, જ્ઞાની-વિજ્ઞાની અને વિદ્વાનો દ્વારા 36 જેટલા સંવત અત્યાર સુધીમા ઉપલબ્ધ કરાયા છે. જેમાં 24 જેટલાં સંવત ચલણની બહાર છે અને 12 જેટલા કેલેન્ડર સ્વરૂપના સંવત વિવિધ પ્રકારે ચલણમાં છે. જો કે સામાન્ય રીતે આપણે જૈન સંવત, શક સંવત અને વિક્રમ સંવતથી જ થોડાઘણા પરિચિત છીએ. આપણને વધુ સ્પર્શતા અને જેના આધારે આપણે વ્રત-તહેવારો ઉજવીએ છીએ એવા વિક્રમ સંવતની થોડી વાત આજે કરીશું.

વિક્રમ સંવતનો જેના શાસનકાળ દરમ્યાન પ્રારંભ થયો એવા પરાક્રમી, ન્યાયી, ધર્મિષ્ઠ સમ્રાટ સૂર્યવંશી વીર વિક્રમનો જન્મ ઇ.સ. પૂર્વે 102માં થયો હોવાનું મનાય છે. જ્યોતિર્લિંગ મહાકાલેશ્વરના ઉજ્જૈનની આજે જે ભવ્યતા જોવા મળે છે તેથી અનેકગણી સમ્રાટ વિક્રમની નગરી ઉજ્જૈનની ત્યારે ભવ્યતા હતી. સૂર્યવંશી રાજા ગર્દભલ્લ કે જે ગન્ધર્વસેન, ગર્દભવેશ અને મહેન્દ્રાદિત્ય જેવા વિવિધ નામે ઓળખાતા મહાન પિતાના વીર વિક્રમ સહિત શંખ અને ભર્તુહરી નામના ત્રણ પુત્રો હતા. ભર્તુહરિ મોટા હોવાથી ઉજ્જૈનની ગાદી સંભાળેલી પણ રાણી પીંગલાના કપટથી વ્યથિત થઈ રાજપાટ છોડી નાથ સંપ્રદાયના સાધુ બની ગયેલા એ વાર્તા ખૂબ જાણીતી છે. ભર્તુહરિના સાધુગમન પછી તક જોઈને શક રાજાઓએ હુમલો કરી ઉજ્જૈન પર કબજો જમાવી દીધેલો. બીજી તરફ રાજય પરત મેળવવા સમ્રાટ વિક્રમે સેના વિશાળ સેના બનાવી ઉજ્જૈન પર શક શાસકો પર હુમલો કરી ઉજ્જૈનની ગાદી પરત મેળવી, એટલુ જ નહી શક શાસકોને ભારતમાંથી જ ખદેડી મુકવા એ સમયની વિશ્વની સૌથી મોટી સેના વિક્રમાદિત્યને બનાવી હતી. ઈતિહાસ કહે છે કે ત્યારે બે હજાર વર્ષ પહેલા સમ્રાટ વિક્રમાદિત્યની સેનામાં 3 કરોડ પૈદલ સૈનિકો 10 કરોડ ઘોડેસવાર સૈનિકો 24600 હાથીઓ અને 4 લાખ નૌકા સાથેની જબરદસ્ત દરિયાઇ ફોજ હતી. ભારતના અનેક પ્રાંતોને કબ્જે કરી છેક આરબ અને મિસ્ર સુધીના દેશો સુધી હકુમત ચાલતી હતી. આટલા મોટા સમ્રાટ હોવા છતાં ધર્મપ્રિય અને ન્યાયપ્રિય રાજા તરીકે ખ્યાત હતા. બુદ્ધિચાતુર્ય અને ન્યાયપ્રિયતાથી ખુશ થઈને સ્વર્ગના રાજા ઇન્દ્રએ ખુશ થઈને બોલતી હોય તેવી 32 પુતળીઓ વાળુ સિંહાસન ભેટ આપેલું. તેમની ધર્મપ્રિયતાએ સનાતન ધર્મને પુનઃપ્રસ્થાપિત કરી વેગ આપ્યો હતો. વિક્રમ સંવતના 501 વર્ષ પૂર્વે ગૌતમ બુદ્ધ થઇ ગયેલા તેમણે બૌદ્ધ ધર્મનો વિશ્વભરમાં ખૂબ પ્રચાર કર્યો હતો. ચીન, જાપાન, તિબેટ અને નેપાળ જેવા રાજ્યોમાં આજે પણ બૌદ્ધ ધર્મનો ખૂબ પ્રભાવ જોવા મળે છે. ભારતના ત્યારના છેલ્લા બૌધ્ધધર્મી રાજા સમ્રાટ અશોકના અવસાન પછી સમ્રાટ વિક્રમાદિત્યએ રામાયણ, મહાભારત, વેદો, પુરાણો અને હિન્દુ ધર્મ સાહિત્યને પુનઃલોકો સમક્ષ લાવી સનાતન ધર્મનો શ્રેષ્ઠ સંરક્ષક અને ઉદ્ધારક તરીકેની ઓળખ પામી લોકપ્રિય બન્યા.

વિક્રમાદિત્યના દરબારમાં જ્ઞાની-વિજ્ઞાની અનેક વિદ્વાનો હતા. ખૂબ મહત્વતા ધરાવતા નવરત્ન કહેવાતા વિવિધક્ષેત્રના આ નવરત્નોને પણ ઓળખીએ.

(1) ધન્વન્તરિ : (ભગવાન ધન્વન્તરિ નહિ) પુરાણોમાં ચાર જેટલા ધન્વન્તરિનો ઉલ્લેખ જોવા મળે છે. પણ આ ધન્વન્તરિ ઔષધવિજ્ઞાન અને આયુર્વેદના જ્ઞાણકાર વૈદ્ય હતા. આયુર્વેદાચાર્ય સુશ્રુત તેમના શિષ્ય હતા. વિક્રમાદિત્યની વિશાળ સેનાની સ્વાસ્થ્ય સુરક્ષા તેમના પાસે હતી. રોગનિદાન વૈદ્ય, ચિંતામણી, વિદ્યાપ્રકાશ ચિકિત્સા, ધન્વન્તરિ નિઘણ્ટુ, વૈદ્યક ભાસ્કરોદય તથા ચિકિત્સા સાર સંગ્રહ જેવા ગ્રંથો તેમણે લખેલા. (2) ક્ષણપક : વ્યાકરણકાર અને શબ્દકોષકાર તરીકે ખ્યાત ક્ષણપકે ગણિત શાસ્ત્રમાં પણ ઘણું સંશોધન કરેલું. ભિક્ષાટન અને નાનાર્થકોશ ઉપરાંત અનેકાર્થ ધ્વનિમંજરી નામના ગ્રંથોના રચયિતા ક્ષણપક હોવાનું પૌરાણિક સાહિત્યોમાં ઉલ્લેખ મળે છે. (3) અમરસિંહ : શબ્દોકોશના જનક ગણાતા અમરસિંહે શબ્દો અને ધ્વનિ પર ઘણું સંશોધન કરેલું. સંસ્કૃતિનો પ્રથમ શબ્દકોશ નામલિંગાનુશાસન અને અમરકોશ તેમની ઉત્તમ રચનાઓ હતી. (4) શંકુ : નીતિશાસ્ત્રાચાર્ય અને રસાચાર્ય તરીકે તેની ગણના થતી એવા શંકુ જ્યોતિષાચાર્ય પણ હતા અને કવિના સ્વરૂપે પણ ચિત્રણ કરતા 'જ્યોતિવિદાભરણ' ગ્રંથના એક શ્લોકમાં ઉલ્લેખ જોવા મળે છે. (5) વેતાલ ભટ્ટ : યુદ્ધ કૌશલ્યમાં નિપૂણ એવા વેતાલ ભટ્ટનુ નામ વેતાલ આશ્ચર્ય ઉપજાવે તેવું છે કે મનુષ્યનું નામ વેતાલ કેમ હોય? જો કે વેતાલ ભટ્ટ નામ મુજબ ભૂત-પ્રેતને વશ કરનાર અને તંત્ર-મંત્રને જાણકાર હતા. આગ્નેય અસ્ત્રો અને વિદ્યુત શક્તિમાં પારંગત વેતાલ ભટ્ટ કાપાલિકો અને તાંત્રિકોનું પ્રતિનિધત્વ કરી સાધના દ્વારા રાજ્યની આસુરી તાકાતો અને દુરાચારિયોને નષ્ટ કરવામાં સમ્રાટ વિક્રમાદિત્યને મદદ કરી હોવાનું શાસ્ત્રો જણાવે છે. (6) મહાન કવિ કાલિદાસ : કાલિદાસ નામ ખૂબ જાણીતું છે. જગતની શ્રેષ્ઠ રચનાઓ બે હજાર વર્ષ પહેલાં કવિ કાલિદાસે આપી છે. એટલે કે વિક્રમના દરબારમાં સાહિત્યકારોનું ખૂબ સમ્માન થતું હોવાનું આ પ્રમાણ છે. ઋતુસંહારમ, કુમારસંભવમ, રઘુવંશમ, શાકુંતલમ, માલવિકા અગ્નિમિત્રમ, અભિજ્ઞાન, વિક્રમોર્વશીયમ જેવી 40 જેટલી ઉત્તમ રચનાઓ કાલિદાસ દ્વારા રચાઇ છે જે આજે પણ વિદ્યાભ્યાસ છે. (7) ઘટકર્પણ : સાહિત્યના વિદ્વાન હતા, શ્રેષ્ઠ કવિ હતા. યમક રચનાઓમાં મહારથી હતા. એમણે અનેક નવી શૈલીની રચના કરી હતી એમની રચનાઓ પર સમયાંતરે અભિનવ ગુપ્ત, ભરત મલ્લિકા, શંકર ગોવર્ધન, કમલાકર, વૈદ્યનાથ જેવા પ્રસિદ્ધ વિદ્વાનોએ ટીકાગ્રંથો પણ લખ્યા છે. (8) વરૂચિઃ વ્યાકરણાચાર્ય કવિ ઉપરાંત શાસ્ત્રીય સંગીતના જાણકાર વરૂચિ બ્રાહ્મણપુત્ર હતા. તેણે પાંચ વર્ષની બાળવયે પિતા ગુમાવ્યા હતા પણ તેની તિક્ષણ બુધ્ધિથી પ્રભાવિત એક ઇન્દ્રદત્ત નામના વિદ્વાને પાટલીપુત્ર ખાતે ઉત્તમ શિક્ષણ અપાવ્યું હતું. વિદ્યાસુંદર અને પત્રકોમુદી નામના ગ્રંથો તેમની ઉત્તમ રચના તરીકે વર્તમાને પણ સંસ્કૃત મહાવિદ્યાલયોમાં અભ્યાસક્રમે છે. (9) વરાહ મિહિર : જયોતિષ શાસ્ત્રના પ્રખર જયોતિર્વિદ હતા. કાલગણના, હવાઓની દિશાના જાણકાર, પશુ-પક્ષીઓની પ્રવૃત્તિઓના અભ્યાસુ અને એવા વિષયોને શોધી પારંગતતા પામનાર વરાહ મિહિરે વિક્રમ સંવતની રચનામાં મહત્તવપૂર્ણ યોગદાન આપ્યું છે. જયોતિષ વિષયક અનેક ગ્રંથોની રચના પણ કરી છે. વૃહત્સંહિતા, વૃહજાતક, સમાસસંહિતા, લઘુ જાતક, પંચસિદ્ધાંતિકા, વિવાહ-પટ્ટલ, યોગયાત્રા તથા વૃહત્યાત્રા, લઘુયાત્રા જેવા અનેક ઉત્તમગ્રંથોની રચના કરી છે જે આજના જયોતિષિઓ માટે આશિવાર્દ રૂપ છે. સમ્રાટ વિક્રમાદિત્યના આ બધાજ ઉત્તમ નવરત્નોના સહયોગે વિક્રમસંવતની રચના અને પ્રારંભ થયો હતો.

> **દરેક કેલેન્ડરનું તેના રાષ્ટ્ર, ધર્મ અને સંસ્કૃતિ પ્રમાણેનું મહત્ત્વ હોય છે. આપણા સનાતની પારંપારિક ધાર્મિક વ્રતો અને ઉત્સવો વિક્રમ સંવત અને શક સંવત આધારિત હોય છે જ્યારે રાષ્ટ્રિય ઉત્સવો ગ્રેગોરીયને કેલેન્ડરના (ઇસવીસન) મહિનાઓની તારીખો આધારિત હોય છે**

વિશ્વમાં આજે 96 જેટલા કેલેન્ડર ચાલે છે. જેમાંથી 26 જેટલા માત્ર ભારતમાં છે અને 70 જેટલા વિશ્વના અનેક દેશોમાં ચાલે છે જે દરેકનો પ્રારંભ તેના નવા વર્ષથી પ્રારંભ થતો હોય તો એમ કહી શકાય કે વર્ષના 365 દિવસમાં 96 જેટલા નૂતન વર્ષની ઉજવણી થાય છે. જો કે દરેક કેલેન્ડરનું તેના રાષ્ટ્ર, ધર્મ અને સંસ્કૃતિ પ્રમાણેનું મહત્ત્વ હોય છે. આપણા સનાતની પારંપારિક ધાર્મિક વ્રતો અને ઉત્સવો વિક્રમ સંવત અને શક સંવત આધારિત હોય છે જ્યારે રાષ્ટ્રિય ઉત્સવો ગ્રેગોરીયને કેલેન્ડરના (ઇસવીસન) મહિનાઓની તારીખો આધારિત હોય છે.

અહિ એક વાતની જરૂર નોંધ કરવી છે કે આપણાં સંતાનોને ઇંગ્લિશ કેલેન્ડરના મહિના તારીખ યાદ હોય છે પણ વિક્રમ સંવતનું કયું વર્ષ ચાલે છે એમ અથવા તો ગુજરાતી કેલેન્ડર મુજબનો કયો મહિનો અને કઈ તિથિ છે એમ પૂછવામાં આવે તો સો માંથી નવ્વાણું યુવા-યુવતીઓ ચોક્કસ FAIL થશે. એમા મુખ્યત્વે આપણી શિક્ષણનીતિ જવાબદાર છે.

સ્કુલ કોલેજમાં અભ્યાસમાં ભલે ના ભણાવાય પણ આપણી વડિલોની ફરજ છે કે સંસ્કૃતિનું જ્ઞાન પણ આપણી નવી પેઢીઓને આપવું જોઈએ. અને એ જ સાંપ્રત સમાજમાં આજની જરૂરિયાત છે.

ગોવર્ધન પૂજા અને મહત્ત્વ

ધર્મરંગ
વ્યોમા સેલર

કારતક મહિનાના સુદ પક્ષની એકમની તિથિએ ગોવર્ધન પર્વતની પૂજા કરવાની પરંપરા છે. વૃંદાવનમાં આ દિવસે ગોબરથી ઘરના ફળિયામાં ગોવર્ધન પર્વત (શ્રીકૃષ્ણની છબી) બનાવીને પૂજા કરવાની પરંપરા છે. વ્રજવાસીઓ મીઠાઈનો ભોગ ધરાવે છે.. આ દિવસે નવા અનાજનો ભોગ ધરાવવામાં આવે છે. આ દિવસે ભગવાનના નિમિત્ત છપ્પન ભોગ બનાવવામાં આવે છે. કહેવાય છે કે, અન્નકૂટ મહોત્સવ ઊજવવાથી મનુષ્યને લાંબુ આયુષ્ય તથા આરોગ્યની પ્રાપ્તિ થાય છે. આ દિવસે અન્નકૂટ મહોત્સવ ઊજવવામાં આવે છે, કેમ કે આ દિવસે નવા અનાજની શરૂઆત ભગવાનને ભોગ ધરાવવામાં આવે છે. આ દિવસે ગાય-બળદ વગેરે પશુઓને સ્નાન કરાવીને ધૂપ-ચંદન તથા ફૂલમાળા પહેરાવીને તેમની પૂજા કરવામાં આવે છે અને ગૌમાતાને મીઠાઈ ખવડાવીને આરતી ઉતારવામાં આવે છે. ત્યાર બાદ પરિક્રમા પણ કરવામાં આવે છે.

શ્રીકૃષ્ણએ ઇન્દ્રનો ઘમંડ તોડ્યો હતો- દ્વાપર યુગમાં વૃંદાવન, ગોકુળ અને આસપાસના ક્ષેત્રના લોકો દેવરાજ ઇન્દ્રની પૂજા કરતાં હતાં. બધાનું માનવું હતું કે ઇન્દ્રની કૃપાથી જ સારો વરસાદ થાય છે અને અહીંના લોકોનું જીવન પસાર થાય છે. તે સમયે બાળ કૃષ્ણએ વૃંદાવન-ગોકુળના લોકોને ગોવર્ધન પર્વતની પૂજા કરવા માટે પ્રેરિત કર્યાં. શ્રીકૃષ્ણએ અહીંના લોકોને સમજાવ્યાં કે, દેવરાજ ઇન્દ્ર સારો વરસાદ કરે છે તો તે તેમનું કર્તવ્ય છે, તેના માટે તેમની પૂજાની જરૂરિયાત નથી. આપણે ગોવર્ધન પર્વતની પૂજા કરવી જોઈએ. કેમ કે, આ પર્વતમાંથી મળતી વનસ્પતિઓથી આપણી ગાયનું પાલન થાય છે. ગાયથી આપણને દૂધ મળે છે, જેનું માખણ બને છે અને આપણું ભરણપોષણ થાય છે. એટલે ઇન્દ્રની નહીં, ગોવર્ધન પર્વતની પૂજા કરવી શ્રેષ્ઠ છે.

શ્રીકૃષ્ણએ સમજાવ્યાં પછી બધાએ ઇન્દ્રની પૂજા બંધ કરી દીધી અને ગોવર્ધન પર્વતની પૂજા કરવાનું શરૂ કરી દીધું. આ વાતથી ઇન્દ્ર ગુસ્સે થઈ ગયાં, તેમણે વરૂણ દેવને આદેશ આપ્યો કે, વૃંદાવન ક્ષેત્રમાં ભયંકર વર્ષા કરો. વૃંદાવન અને ગોકુળમાં વરસાદના કારણે બધું જ બરબાદ થવા લાગ્યું, ત્યારે બધા લોકો શ્રીકૃષ્ણ પાસે પહોંચ્યાં. લોકોનું દુઃખ દૂર કરવા માટે શ્રીકૃષ્ણએ પોતાના હાથની સૌથી નાની આંગળી ઉપર ગોવર્ધન પર્વત ઉપાડી લીધો અને લોકોનું વરસાદ સામે રક્ષણ કર્યું. આ પ્રકારે શ્રીકૃષ્ણએ ઇન્દ્રનો ઘમંડ તોડ્યો હતો.

ઇન્દ્ર પોતાના અપરાધથી સભાન થઈ ગયા અને કૃષ્ણ પાસે ક્ષમા માંગી. આ રીતે પરમ ભગવાને સ્થાપિત કર્યું કે જે ભક્ત પરમ ભગવાનને શરણે છે અને ભક્તિમય સેવામાં વ્યસ્ત છે તે તમામ જવાબદારીઓથી મુક્ત છે અને તેને ભૌતિક કૃપા માટે કોઈ દેવતાઓની પૂજા કરવાની જરૂર નથી તે ગોવર્ધન લીલા તરીકે ઓળખાય છે અને શ્રીમદ ભાગવતના દસમા ઉપદેશમાં તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

> **શ્રીકૃષ્ણએ અહીંના લોકોને સમજાવ્યાં કે આપણે ગોવર્ધન પર્વતની પૂજા કરવી જોઇએ. કેમ કે, આ પર્વતમાંથી મળતી વનસ્પતિઓથી આપણી ગાયનું પાલન થાય છે. ગાયથી આપણને દૂધ મળે છે અને આપણું ભરણપોષણ થાય છે. એટલે ઇન્દ્રની નહીં, ગોવર્ધન પર્વતની પૂજા કરવી શ્રેષ્ઠ છે**

ગોવર્ધન પૂજા ભગવાન કૃષ્ણના તેમના ભક્તો પ્રત્યેના પ્રેમને પ્રકાશિત કરે છે. ગાયોની પૂજા આ તહેવારનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

સમગ્ર વિશ્વમાં ઇસ્કોન મંદિરો તેમજ વૃંદાવનના મંદિરોમાં આ એક મુખ્ય વાર્ષિક તહેવાર છે. ભક્તો અનાજ અને ઘી સાથે જાતજાતની ખાદ્ય સામગ્રી જેમ કે ચોખા, પુરી, દાળ, હલવો, પકોડા વગેરે અને દૂધની તમામ પ્રકારની તૈયારીઓ જેમ કે મીઠા ભાત, મીઠા બોલ, સંદેશ, રબડી, રસગુલ્લા અને લાડુ તૈયાર કરે છે. આ બધાને નાના પહાડની જેમ ઢાંકીને ભગવાનને અર્પણ કરવામાં આવે છે અને પછી પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે.